

નિર્માણ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે.સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

# ગુજરાતી

## ધોરણ 7

# સ્વઅધ્યયનપોથી

## (લર્નિંગ લૉસ - બ્રિજકોર્સ)



વિદ્યાર્થીનું નામ : ____________________

શાળાનું નામ : ____________________

# ઓનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

સમગ્ર શિક્ષા વેબસાઈટ : **ssagujarat.org/StudyFromHome.html**




ગુજરાત સરકાર દ્વારા બાઈસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ

BISAG-N **www.vande.gujarat.gov.in** VANDE GUJARAT

બાઈસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાઈસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે. DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.

DIKSHA — https://diksha.gov.in/

YouTube — Gujarat e-Class Samagra Shiksha

Gujarat E Class

# ગુજરાતી

## ધોરણ 7

# સ્વઅધ્યયનપોથી

## (લર્નિંગ લૉસ - બ્રિજકોર્સ)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારા ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે
આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.


**નિર્માણ**

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર - ૧૭, ગાંધીનગર.

GCERT

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર.

**મુદ્રણ**

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર.

**માર્ગદર્શન**

શ્રીમતી જયશ્રી દેવાંગન (IAS)
(એએસપીડી, સમગ્ર શિક્ષા)

શ્રી પ્રકાશ ત્રિવેદી
(સચિવ, સમગ્ર શિક્ષા)

શ્રી વી. આર. ગોસાઈ
(સચિવ, GCERT)

ડૉ. અશોકભાઈ એન. ચૌધરી
(રીડર, GCERT)

**નિર્માણ-સંયોજન**

ડૉ. અખિલ ડી. ઠાકર

શ્રી નરેન્દ્રભાઈ એન. રાવલ

ડૉ. ભાર્ગવ ઠક્કર

**કન્વીનર**

શ્રી રશ્મિકાબહેન એસ. મોદી

**સહ-કન્વીનર**

શ્રી જૈનીબેન ભોજક

**સંપાદન-સંકલન**

શ્રી અનિલભાઈ ઉપાધ્યાય

શ્રી સુચિતકુમાર પ્રજાપતિ

શ્રી ધર્મેશ રામાનુજ

**લેખન**

શ્રી મિનેશ વાળંદ

શ્રી મહેન્દ્ર મકવાણા

શ્રી જીતેન્દ્ર રાણા

**સમીક્ષા**

ડૉ. લીનાબહેન ઉપાધ્યાય

શ્રી મનીષ સુથાર

શ્રી ભગવાનભાઈ દૂધરેજિયા

શ્રી શંકરભાઈ ચૌધરી

શ્રી કલ્પેશ પટેલ

શ્રી નીલમ ડાભી

**મુદ્રણ-આયોજન**

શ્રી મનીષ એચ. બધેકા
(નાયબ નિયામક : ઉત્પાદન)


## પ્રસ્તાવના

વિદ્યાર્થીમિત્રો, શાળા શરૂ થયા બાદ આપની શાળાના વર્ગમાં જે તે વિષયનું શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું હશે. પાછલાં વર્ષોમાં શાળામાં કેટલાક મહિનાઓ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રહેલું અને તેના પરિણામે વર્ગમાં અભ્યાસ માટેના દિવસો પણ બહુ ઓછા મળેલા. આ બાબતને ધ્યાનમાં રાખી નવા વર્ષે અગાઉના ધોરણ અને અભ્યાસક્રમમાં પ્રવેશ પામીએ તે પહેલાં આ સ્વઅધ્યયનપોથી સાથે ગત વર્ષોની શીખેલી બાબતો મહાવરા તરીકે અહીં મૂકવામાં આવી છે. અહીં ગુજરાતી વિષયમાં અગાઉનાં ધોરણમાં શીખેલી ભાષાની અગત્યની બાબતોને ધ્યાને લઈ તેની પ્રવૃત્તિઓ આપવામાં આવી છે.

ભાષા એ બોલવા સાથે લખવા-વાંચવા અને અભિવ્યક્તિના માધ્યમ તરીકે ઉપયોગી છે. ભાષામાં મૂળાક્ષરથી લઈને શબ્દો, વાક્યોને ક્રમમાં લખવા-વાંચવા સુધીની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. અહીં ગત વર્ષને ધ્યાને લઈ ભાષાશિક્ષણમાં થયેલ 'લર્નિંગ લૉસ' ને પહોંચી વળવા માટે નિર્માણ થયેલ વાંચન-લેખન સામગ્રી અંતર્ગત ગુજરાતી વિષયમાં અર્થગ્રહણ, સ્વતંત્રલેખન, તાર્કિક ચિંતન, સર્જનાત્મક લેખન અને વ્યાવહારિક વ્યાકરણ આધારિત પ્રવૃત્તિઓ મૂકી છે.

ધોરણ 7ના વિદ્યાર્થી તરીકે તમારામાં ભાષાનો વિકાસ અને સર્જન થાય તે માટેનો પ્રયાસ થાય તેવી પ્રવૃત્તિઓ પસંદ કરવામાં આવી છે. અહીં પ્રવૃત્તિ કરવા માટે ફકરામાં ખૂટતા શબ્દોનું લેખન, અર્થગ્રહણ આધારિત પ્રશ્નો, યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂર્તિ, શબ્દનિર્માણ, શબ્દોનો વાક્યપ્રયોગ, શબ્દ સાથે જોડાઈને લખાતા પ્રત્યયો, કાવ્ય રસાસ્વાદ, ટિકિટ, ટ્રાફિક સિગ્નલ, જાહેરાત, બૅનર, બૉર્ડ, સમયપત્રક આધારિત પ્રશ્નોત્તરી, ચિત્ર આધારિત પ્રશ્નોત્તરી, સ્વતંત્રલેખન, વ્યાવહારિક વ્યાકરણ અંતર્ગત સમાનાર્થી - વિરુદ્ધાર્થી શબ્દો, શબ્દ આધારિત વાક્યરચના, મનોશારીરિક પ્રવૃત્તિઓ જેવી પ્રયુક્તિઓનો આધાર લેવાયો છે.

જેમ કે, અહીં આપેલી ટિકિટ પરથી માહિતીની વિગતો તારવવાની પ્રવૃત્તિ દ્વારા તમને સમજણપૂર્વકનું અર્થગ્રહણ ચકાસવાનો મહાવરો મળશે. ઉપરાંત નવા શબ્દો ઉપયોગમાં લઈને તમારી ભાષામાં નવું સર્જન થાય તેવી સંભાવના રહેલી છે. એટલે કે અહીં આપેલી મહાવરાની દરેક બાબતમાંથી તમારી ભાષાનો વિકાસ થતો રહે તેવી સંભાવના ધ્યાને રાખી છે.

અહીં ભાષામાં આપેલી પ્રવૃત્તિઓમાં પ્રશ્નોત્તરી, શબ્દો પરથી વાક્યલેખન, ખાલી જગ્યામાં યોગ્ય શબ્દની પૂર્તિ, વાતચીત, ચિત્રવર્ણન, ચિત્ર પરથી લેખન, શબ્દસર્જન જેવી ભાષાસજ્જતા, યોગ્ય વિકલ્પ પસંદગી, ઉદાહરણ મુજબ વાક્યરચના, કોષ્ટક પરથી શબ્દલેખન, શબ્દોનો વાક્યપ્રયોગ, સમાનાર્થી-વિરુદ્ધાર્થી શબ્દલેખન, શબ્દો પરથી નવા શબ્દોનું સર્જન જેવી બાબતો આગળના ધોરણમાં વધુ શીખવા માટે સહાયક બનશે તેમ માનીને આપી છે.

વિદ્યાર્થીમિત્રો, શક્ય છે કે તમને ભાષાની પ્રવૃત્તિઓ માત્ર વાંચન-લેખન માટે જ ઉપયોગી જણાય, પરંતુ તમારાં રોજિંદા જીવનમાં પણ ભાષા સારી રીતે બોલવા, વાંચવા, અર્થગ્રહણ તેમજ વ્યાવહારિક ઉપયોગ માટેનો પ્રયત્ન કર્યો છે.

શ્રદ્ધા છે કે ભાષા માટેના મહાવરાની આ પ્રવૃત્તિઓ ભાષાશિક્ષણને બળવત્તર કરશે.

| | |
|---|---|
| **ડૉ. પી. એ. જલુ** | **ડૉ. રતનકંવર એચ. ગઢવીચારણ (IAS)** |
| નિયામક, | સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર, |
| જીસીઈઆરટી, | સમગ્ર શિક્ષા, |
| ગાંધીનગર | ગાંધીનગર |

# શિક્ષક-વાલી જોગ સંદેશ

ગત વર્ષોમાં શાળામાં-વર્ગખંડમાં જે તે વિષયનું શિક્ષણ પ્રાપ્ત કરવામાં વિદ્યાર્થીઓએ મુશ્કેલી અનુભવી હશે. જો કે શિક્ષણ વિભાગ દ્વારા 'શાળા બંધ છે, પણ શિક્ષણ નહિ' તે ધ્યેયને મંત્રસ્વરૂપે અનુસરી વર્ચ્યુઅલ માધ્યમથી શિક્ષણ આપવાનું અદ્વિતીય કાર્ય ચાલુ જ રહ્યું હતું. આ સિદ્ધિને કારણે આજે આપણે આપણા વિદ્યાર્થીઓને આગળના ધોરણમાં મોકલવા માટે સક્ષમ થઈ શક્યા છીએ.

અહીં આપણે આપણા વિદ્યાર્થીઓને ગત વર્ષે શિક્ષણ અંતરાય દરમ્યાન ઊભી થયેલી અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ને ધ્યાને લઈ તેના નવા વર્ષના પ્રારંભે કેટલીક મહાવરાની બાબતો આપીને તેને આગળના ધોરણના અભ્યાસ માટે સજ્જ કરવાનો પ્રયાસ કરવા તરફ જઈ રહ્યા છીએ. સામાન્ય રીતે લર્નિંગ લૉસ એટલે અધ્યયનની એવી ખોટ / કચાશ કે જેમાં શીખેલું ભૂલી જવું, ઓછું શીખવાનું કે શીખેલું બરાબર યાદ ન રહેવું. આવું થવાનું કારણ પણ સાહજિક છે, આ કોઈ એવી ખોટ નથી કે જે પૂરી ન શકાય. લર્નિંગ લૉસની પૂર્તતા કરવા માટે વધુ મહાવરો અને શીખેલી સંકલ્પનાઓ પુનઃ યાદ કરાવવાનો પ્રયાસ કરવો પડે, જે અહીં આપણે કરવાના છીએ.

અહીં લર્નિંગ લૉસની પૂર્તિ માટે આપેલા મહાવરામાં મુખ્ય ત્રણ બાબતોની કાળજી લેવાઈ છે. **પ્રથમ** વિદ્યાર્થીઓને અગાઉના ધોરણના વિષયને અનુરૂપ વિષયવસ્તુનો પુનઃ પરિચય થાય તેવી બાબતો અપાઈ છે. **બીજું**, અપાયેલા દરેક મહાવરા માટે એવી બાબતોનો આધાર લેવાયો છે જેની સંકલ્પનાઓ ધોરણ 6 થી 8 માટે પાયારૂપ હોય. આ બાબતો અગાઉના ધોરણના વિષયવસ્તુની સંકલ્પનાને વધુ દૃઢ બનાવી તેને શીખવા માટે સરળતા રહે તેવું વાતાવરણ નિર્માણ કરશે. **ત્રીજું**, અભ્યાસક્રમનો પ્રારંભ થાય તે પહેલાં વિદ્યાર્થીઓના પ્રવર્તમાન શૈક્ષણિક સ્તરનું સાર્વત્રિક મૂલ્યાંકન પણ થઈ શકે. આવું કરવાથી વર્ગ કે વિષયશિક્ષક વિદ્યાર્થીઓનું સ્તર માપીને નવી બાબત શીખવવાની શરૂઆત કરે તે પહેલાં તેને કયા પ્રકારનું આયોજન કરવું ? કેવી પદ્ધતિનો સહારો લેવો? કઈ કઈ પ્રયુક્તિઓને આયોજનમાં સમાવિષ્ટ કરવી તેનો ખ્યાલ આવે. આનાથી અગાઉના વર્ષની અધ્યયન ખોટ (લર્નિંગ લૉસ)ની અસર હાલના ધોરણમાં ન પડે.

શિક્ષણ અવિરત ચાલતી પ્રક્રિયા છે, તે માત્ર વર્ગખંડ, સમયપત્રક કે વિષયમાં જ બંધાયેલું રહેતું નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અનુસાર શિક્ષણનાં અધ્યયન બિંદુઓને શીખવવા માટે પ્રશ્નોત્તરી, પ્રવૃત્તિ, અવલોકન, પ્રૉજેક્ટ, સર્વે જેવી વિવિધ પ્રયુક્તિઓનો સહારો લેવાનો છે. અહીં નિર્માણ થયેલી મહાવરાની વિવિધ સામગ્રીમાં આ બધી જ બાબતોને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવાયેલી છે. આ સામગ્રીના મહાવરા માટે નીચે મુજબની કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીશું તો આપણા વિદ્યાર્થીઓ અપેક્ષિત શૈક્ષણિક ક્ષમતા કેળવી શકશે અને નવા શૈક્ષણિક વર્ષના અભ્યાસક્રમને સારી રીતે સમજીને શીખવાનું શરૂ કરી શકશે.

- મહાવરા માટે આપેલી દરેક બાબતમાં પ્રવૃત્તિઓ પણ સમાવિષ્ટ હોવાથી પ્રવૃત્તિ માટે પૂરતો સમય આપવો.
- મહાવરાની પ્રવૃત્તિઓમાં લખવા-વાંચવા સાથે જૂથ અને સમૂહમાં પ્રવૃત્તિઓ પ્રૉજેક્ટ કાર્ય જેવી વિવિધ બાબતોનો સમાવેશ કરેલો હોઈ તેને પણ શીખવાનો અગત્યનો ભાગ માનીને તે કરવા માટે પૂરતો સમય અને સ્વતંત્રતા આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ દરમ્યાન વિદ્યાર્થીને તેનાં મિત્ર, કુટુંબીજનો અને અન્ય લોકોની જરૂર પડે તેવું આયોજન હોવાથી તેને પ્રવૃત્તિ માટે અન્ય સાથે કામ કરવાની છૂટ આપવી.
- મહાવરાની આ પ્રવૃત્તિઓ શાળા અને ઘર બંને જગ્યાએ એક સાથે ચાલે તે માટેનું આયોજન વિદ્યાર્થીઓને સતત જણાવતા રહીને તેમને આગળના અભ્યાસ માટે પણ જોડવાના છે તેનો ખ્યાલ રાખવો.

- મહાવરાની આ પ્રવૃત્તિઓ અભ્યાસક્રમ સાથે સંકળાયેલી હોવાથી તેને માત્ર મનોરંજન સ્વરૂપે ન માની લેતાં વિદ્યાર્થીઓ ગંભીરતાથી તે કરે અને તેમાંથી શીખે તેવું આયોજન કરવું.
- મહાવરાની આ સંપૂર્ણ પ્રક્રિયા લર્નિંગ લૉસને પહોંચી વળવા માટેની હોવાથી વર્ગનો દરેક વિદ્યાર્થી દરેક અધ્યયન નિષ્પત્તિની પ્રવૃત્તિમાં સમાન સ્તરે પહોંચે તે માટે પ્રયાસ કરવો.
- લર્નિંગ લૉસ એ અધ્યયન કચાશ(ખોટ) પૂરી કરવાનો પ્રયાસ હોવાથી શિક્ષક સાથે વાલી, શિક્ષિત મોટા ભાઈ-બહેન અને ઉપલા ધોરણના મિત્રો પણ વિદ્યાર્થીને મદદ કરે તે ઇચ્છનીય છે.
- સ્વઅધ્યયનપોથી સાથે આપેલી મહાવરાની વિવિધ પ્રવૃત્તિઓ વર્ષની શરૂઆતમાં કરવાથી ધોરણ 6 થી 8ના અભ્યાસક્રમની સંકલ્પનાઓ સમજવી સરળ બની રહે તેવો પ્રયાસ કરવા માટે વર્ગમાં બને તેટલો વધુ સમય મહાવરા માટે આપવાનું આયોજન કરવું.
- મહાવરામાં અગાઉના ધોરણની એવી બાબતોનો સમાવેશ કરાયો છે, જેનાથી ધોરણ 6 થી 8ના વિષયવસ્તુની સંકલ્પના સમજવાનું સરળ બને છે, તેને ધ્યાને લઈ પ્રવૃત્તિઓ કરાવતા સમયે તે પૂરેપૂરી રીતે શીખી જાય તેની કાળજી લેવાય તે જોવું.
- 'ચાલો, યાદ કરીએ'માં આપેલી પ્રવૃત્તિઓનું લેખન અલગ નોટબુકમાં કરવાનું હોવાથી વિદ્યાર્થીઓએ લખેલી પ્રવૃત્તિઓની સમયસર ચકાસણી કરી તેની સારી અને સુધારાત્મક બાબતોનું વ્યક્તિગત માર્ગદર્શન આપવું ઇચ્છનીય છે.
- આપેલી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીની સમજ અને સંકલ્પનાના વિકાસ માટે હોવાથી વર્ગના વિદ્યાર્થીઓ LO આધારિત એક-બે પ્રવૃત્તિઓ બાદ તેને સમજી શકયા છે તેવું જણાય તો તે પૈકીની અન્ય પ્રવૃત્તિઓ ગૃહકાર્યમાં આપી શકાય, જેથી વર્ગમાં અન્ય LO આધારિત પ્રવૃત્તિઓ કરવામાં પૂરતો સમય મળી શકે.
- આપેલી પ્રવૃત્તિઓની સમજ માટે ચિત્રો, સાધન-સામગ્રી અને અન્ય સહાયક સંદર્ભનો આધાર લેવાયો છે તેને ધ્યાને લઇ તેવી પ્રવૃત્તિઓ માટે તે સંદર્ભિત સામગ્રીની સમજ મળી રહે તેવું આયોજન હાથ ધરવું.
- અહીં પસંદ થયેલી મોટાભાગની પ્રવૃત્તિઓ ધોરણ 6 થી 8ના અભ્યાસક્રમને વધુ બળવત્તર બનાવવાના હેતુસર આપેલી હોવાથી વર્ગના તમામ વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિઓની સંકલ્પના અને સમજ કેળવે તે માટે પ્રવૃત્તિ દરમ્યાન પૂરતું માર્ગદર્શન અને પરોક્ષ મૂલ્યાંકન કરતાં રહેવું.
- અહીં આપવામાં આવેલ પ્રવૃત્તિઓ માત્ર જે તે LOમાં સમાવિષ્ટ સંકલ્પનાના મહાવરા માટે આપેલ છે. વર્ગમાં જરૂરી મહાવરા માટે આ પ્રકારની વધુ પ્રવૃત્તિઓનો વિકાસ કરી તેનો પણ મહાવરો કરાવી શકાય.
- ગણિત, વિજ્ઞાન અને ભાષાની પ્રવૃત્તિઓ તેના વિષયની નવી સંકલ્પનાઓ સરળ કરવા માટે હોવાથી તેનો પૂરતો મહાવરો થાય તે માટે વર્ગનું સમયપત્રક વિષયવાર ગોઠવી તે મુજબ કાર્ય થાય તે જોવું.

**પ્રકાશ ત્રિવેદી**
સચિવ, સમગ્ર શિક્ષા,
ગાંધીનગર

## ચાલો યાદ કરીએ અંતર્ગત સમાવિષ્ટ અધ્યયન નિષ્પત્તિઓની યાદી

| | |
|---|---|
| G601 | વાર્તા, કાવ્યો, ચિત્ર, વર્ણન, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે. |
| G602 | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિષે વાતચીત અને સંવાદો સમજે છે તથા રજૂઆત કરે છે. |
| G607 | સંકેતનાં બૉર્ડ, સમયપત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા, પ્રતીકો, ચિત્રો, સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે. |
| G609 | શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળ વિશ્વકોશનો ઉપયોગ કરી આશરે 3000 જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે. |
| G610 | મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી, પ્રશ્નોત્તરી કરી શકે છે. |
| G612 | સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોના જવાબ લખે છે. |
| G616 | સ્વતંત્ર લેખન કરે છે. (કાવ્ય, ઉખાણાં, મુદ્દા પરથી વાર્તા, પત્રલેખન, નિબંધલેખન, અહેવાલ) |
| G617 | બિલ, રીસિપ્ટ, રેપર, રિપોર્ટ, જાહેરાત વગેરેમાં આપેલી માહિતી સમજે છે અને ઉપયોગ કરે છે. |
| G619 | ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, વિશેષણ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે જેવા વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે. |
| G501 | વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો, વાતચીત, નાટકો વાંચી અને સમજી શકે છે. |
| G502 | પરિચિત-અપરિચિતિ પરિસ્થિતિમાં સંવાદો સાંભળી અને સમજી શકે છે. |
| G506 | સમયપત્રક, નકશા, પ્રતીકો અને લખાયેલી સામગ્રીમાંથી વાંચી-સાંભળી શકે છે. |
| G512 | જિજ્ઞાસાપ્રેરક પ્રશ્નો પૂછી શકે છે અને પ્રશ્નોના જાવબ આપી શકે છે. |
| G513 | કથનમાં નવા શબ્દોનો પ્રયોગ કરી શકે છે અને મુદ્દા પરથી વાર્તા રજૂ કરી શકે છે. |
| G514 | યોગ્ય વિરામચિહ્નો અને માન્ય જોડણી સાથે મરોડદાર લેખન કરી શકે છે. |

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ● | ચાલો યાદ કરીએ | 1 |
| 1. | મેળામાં | 26 |
| 2. | આજની ઘડી રળિયામણી | 33 |
| 3. | પરીક્ષા | 37 |
| 4. | બે ખાનાંનો પરિગ્રહ | 44 |
| 5. | રાનમાં | 49 |
| 6. | ભીખુ | 55 |
| 7. | જીવનપાથેય | 61 |
| 8. | માલમ હલેસાં માર | 66 |
| 9. | બાનો વાડો | 71 |
| 10. | વલયની અવકાશી સફર | 75 |
| 11. | અખબારી નોંધ | 80 |
| 12. | જનની | 86 |
| 13. | હાઈસ્કૂલમાં | 90 |
| 14. | ભમીએ ગુજરાતે : દક્ષિણ ભણી | 94 |
| 15. | આવ, ભાણા આવ! | 100 |
| 16. | ગ્રામમાતા | 105 |
| 17. | સિંહની દોસ્તી | 109 |
| 18. | જીવરામ ભટ્ટ | 114 |
| 19. | સોના જેવી સવાર | 119 |
| 20. | પાંચ દાણા | 125 |
| 21. | સુભાષિતો | 130 |

# ચાલો યાદ કરીએ

## અધ્યયન નિષ્પત્તિ

G601 વાર્તા, કાવ્યો, નાટકો, ચર્ચાઓ, કિસ્સાઓ સાંભળી તથા મુખવાચન કરી તેને સમજે છે અને સર્જન કરે છે.

G501 વાર્તા, ગીતો, કાવ્યો, વર્ણનો, વાતચીત, નાટકો વાંચી અને સમજી શકે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે ઘણી વાર્તાઓ વાંચી હશે. કાવ્યો સાંભળ્યાં ને ગાયાં પણ હશે. ચિત્ર પરથી વર્ણન કર્યું હશે, નાટકો ભજવ્યાં હશે ને પ્રસંગો સાંભળ્યા હશે, વાંચ્યા પણ હશે. આ બધું તમે નિયમિતપણે કરતા હશો. વિવિધ મહાવરાને અંતે સમજ્યા પણ હશો, કેમ ખરું ને? ક્યારેક તો એવું પણ થયું હશે કે તમે નાટક જાતે જ બનાવીને ભજવ્યું હશે, વાર્તા પણ બનાવી હશે, ચર્ચાઓ, કિસ્સાઓમાં ભાગ લઈ એના આધારે તમે જાતે પણ એના પ્રસંગો અને ચર્ચાઓને આગળ વધાર્યાં હશે. વિદ્યાર્થીમિત્રો, આવું ઘણું વાંચી, સાંભળીને તમે સર્જન પણ કર્યું હશે. આવો આપણે એક ઉદાહરણ થકી સમજીએ.



જુઓ દોસ્તો, આ એક ચિત્ર છે. જો આ જ ચિત્ર વિશે તમારે લખવું હોય તો તમે આવી બાબતોનું ધ્યાન રાખશો. જેમ કે, આ ચિત્ર શાનું છે? ચિત્ર કયા સમયનું છે? ચિત્રમાંથી તમને સૌથી વધુ શું ગમ્યું? આ બધું તમે ધ્યાને લેતાં જ હશો. બાળદોસ્તો, આ તો કામ થયું ચિત્ર અવલોકનનું પણ જો આ જ ચિત્ર વિશે તમારે લખવું હોય તો? સૌ પ્રથમ શું ધ્યાનમાં રાખશો?

આપણે ચિત્ર વિશે લખવું હોય તો સૌ પ્રથમ આપણે શબ્દો પસંદ કરવા પડે અને પછી એ શબ્દોને વાક્યમાં ગોઠવવા પડે. જેમ કે...

1. આ ચિત્ર સવારના સમયનું છે.
2. આ ચિત્રમાં મને સૌથી વધુ સૂર્ય ગમે છે.

આમ, વાક્યો બનાવતા જઈએ અને આ ચિત્ર વિશે વર્ણન થતું જાય.

ચાલો, બાળદોસ્તો તમને એક ગીત યાદ કરાવું.

સુંદર સુંદર...

સૂરજ સુંદર, ચાંદો સુંદર,

સુંદર સરિતા ને સરોવર...

વિભુ હશે તો કેવા સુંદર, એવું થાતું મુજ મનમાં.

આ કાવ્ય તમને આવડતું હશે કેમ ખરું ને? જુઓ બાળદોસ્તો, આ કાવ્યમાં ઘણા શબ્દો નવા આવ્યા છે, એ શબ્દોના અર્થ જાણવા તમે કોઈની મદદ પણ લીધી હશે. આ કાવ્યનું સમૂહગાન કર્યું હશે. આ કાવ્યમાં સરખા ઉચ્ચારવાળા શબ્દો આવ્યા છે જેવા કે સરોવર-ગિરિવર-સમીર વગેરે. આવા શબ્દો સાંભળવાની મજા આવે છે. તમે બનાવ્યા પણ હશે. ચાલો, અહીં કેટલાક શબ્દો આપ્યા છે તમારે એના જેવો સરખો ઉચ્ચાર(પ્રાસ)વાળો શબ્દ વિચારવાનો છે.

અહીં તમે જોયું કે આવ્યો-લાવ્યો-ભાગ્યો શબ્દ આપણે બોલીએ છીએ ત્યારે સરખો ઉચ્ચાર આપણને લાગે છે. આવા બીજા શબ્દો તમારે વિચારવાના છે.

આપણે ક્યારેક આપણાં ઘરમાં, શાળામાં કે અન્ય જગ્યાએ થતી ચર્ચાઓમાં પણ ભાગ લેતા હોઈએ છીએ. જ્યારે આપણે આવી ચર્ચાઓમાં ભાગ લઈએ છીએ ત્યારે આપણે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીએ છીએ.

જેમ કે...

આપણી શાળામાં વૃક્ષારોપણ કરવું હોય તો આપણે શી શી તૈયારી કરવી પડે?

શિક્ષક : આપણે કયાં કયાં વૃક્ષો લાવીશું?

વિદ્યાર્થી : આપણે લીમડો, સરગવો, જામફળી લાવીશું.

શિક્ષક : આપણે કઈ જગ્યાએ વૃક્ષારોપણ કરીશું?

વિદ્યાર્થી : શાળાની પાછળ જે મોટું મેદાન છે ત્યાં જ કરીએ.

વિદ્યાર્થીમિત્રો, આ તો થઈ શાળાની એક ચર્ચા. આપણે ઘર, બજાર કે ગામમાં પણ આવી ઘણી બધી ચર્ચામાં જોડાતા હોઈએ છીએ અને એકબીજા સાથે વાત થતી હોય ત્યારે આપણે સહભાગી થતાં હોઈએ છીએ. જ્યારે વાતચીત હોય, પ્રસંગ કે ઘટના હોય ત્યારે એક વાતનો બીજી વાત સાથે કાર્યકારણ સબંધ જોડતા હોઈએ છીએ. આવી વાતચીતમાં આપણે આપણા અનુભવો જોડીએ છીએ.

- **મહાવરો - 1**

1. તમારે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ‘ડૉક્ટર’નું પાત્ર ભજવવાનું છે, તેના સંવાદો કેવા હશે તે તમારી નોટબુકમાં લખો.
2. તમને મેળો ગમે છે? કેમ? એના વિશે લખો.
3. ધોરણ - 7 ગુજરાતી એકમ - 1 મેળાના આપેલા ચિત્રમાં ફુગ્ગાવાળો અને છોકરા વચ્ચે શી વાત થતી હશે, એ તમારી નોટબુકમાં લખો.

● **મહાવરો - 2** આપેલાં ચિત્રોને આધારે વાર્તા બનાવો.



● **મહાવરો - 3** તમારા ઘરે વૃક્ષારોપણ કરવાનું હોય તો તમારા અને પિતાજી વચ્ચે કેવી વાતચીત થશે એ લખો.

● **મહાવરો - 4** આપેલા શબ્દનો છેલ્લો અક્ષર લઈ એના આધારે નવો શબ્દ બનાવવો.

**ઉદાહરણ :** સરોવર - રમકડું - ડુંગર આમ આગળ વધો અને 30 શબ્દો બનાવો.

**અધ્યયન નિષ્પત્તિ**

G602 પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં પ્રસંગો તથા સ્થળો વિશે વાતચીત અને સંવાદો સમજે છે. તથા રજૂઆત કરે છે.

G502 પરિચિત-અપરિચિતિ પરિસ્થિતિ અને સંવાદો સાંભળી અને સમજી શકે છે.

● **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે તમારા પરિવાર સાથે બહાર ફરવા ગયા જ હશો. શાળામાંથી પ્રવાસ કે કોઈ સ્થળની મુલાકાતે ગયા હશો. ત્યારે તમે ઘણું ઘણું જોયું હશે. તમને એ બધું ખૂબ ગમ્યું પણ હશે. તમને તો નવાઈ થાય એવું પણ તમે જોયું હશે. તમે નવી જગ્યાએ ગયા હશો ત્યારે તમારે કોઈની સાથે માહિતી માટે વાતચીત કરવાની થઈ હશે. તમારી પાસે કોઈક માહિતી માંગે ત્યારે પણ તમારે સંવાદ કરવાનો થતો હશે. આવા સંવાદો તમારા અનુભવ અને મુલાકાત પર આધાર રાખતા હોય છે, જે તમારા અનુભવમાં હોય છે. વિદ્યાર્થીમિત્રો, તમે અનુભવ અને સમજને આધારે રજૂઆત કરતા હશો, ખરું ને ? બહારગામ જવાનું હોય ત્યારે આપણે ટિકિટ લેવી પડે છે. એ ટિકિટ લેવા માટે આપણે પ્રશ્નો પણ પૂછવા પડશે અને જવાબ પણ આપવા પડશે. જેમ કે, અમદાવાદથી વડોદરા જવા માટે કેટલા વાગે બસ મળશે? કેટલા કલાકમાં વડોદરા પહોંચાડે છે? વગેરે આ તો બસ સ્ટેશનનું ઉદાહરણ આપ્યું, પણ વિદ્યાર્થીમિત્રો, આપણે ઘણીવાર આપણને પરિચિત ન હોય એવી જગ્યાએ પણ જવાનું થતું હોય છે ત્યારે આપણે આવા પ્રશ્નો પૂછવા પડતા હોય છે અને જવાબ પણ આપવા પડતા હોય છે.

● તમને પૂછવામાં આવે કે તમારા ગામ વિશે બોલો ત્યારે સૌ પ્રથમ શું ધ્યાનમાં રાખશો?

જેમ કે, ગામમાં ક્યાં ક્યાં જાહેરસ્થળ છે? ગામમાં કેટલી વસ્તી છે? ગામલોકોનો મુખ્ય વ્યવસાય કયો છે? વગેરે...આમ, આ ગામ તો વિદ્યાર્થીમિત્રો આપનું પરિચિત છે, પરંતુ અપરિચિત વ્યક્તિ, વસ્તુ કે સ્થળ વિશે આપણે રજૂઆત કરવાની થાય તો શું કરવું જોઈએ?

માની લો કે તમે ક્યારેય મેળો જોયો નથી અને તમારે મેળા વિશે રજૂઆત કરવાની થાય તો? તમે શું કરો? તમારો જવાબ હશે કે અમે મેળા વિશે સાંભળ્યું હશે કે ક્યાંક ચિત્રમાં જોયું હશે એના આધારે જવાબ આપીશું. મેળાના ચિત્રને આધારે તમે મેળા વિશે બોલી શકો ખરા, પણ ચિત્રનું અવલોકન બરાબર થવું ખૂબ જ જરૂરી છે.

- અહીં એક ચિત્ર આપવામાં આવ્યું છે. આ ચિત્રને આધારે તમારે મૌખિક રીતે રજૂઆત કરવાની હોય ત્યારે શું શું વિચારવું પડે?



આ બંને વચ્ચે શી વાત થતી હશે? વિચારો. આમ, વિદ્યાર્થીમિત્રો આપણે જ્યારે તર્ક કરીને રજૂઆત કરવાની હોય છે. ત્યારે પણ આપણે કંઈક આધાર તો લઈએ જ છીએ.

- **મહાવરો - 1**

1. તમે કોઈ જગ્યાએ ભૂલા પડી ગયા હોય તો શું શું કરશો?
2. તમને આવડતું કોઈ એક લોકગીત લખો.
3. તમારા ઘરે મહેમાન આવવાના હોય તો કેવી કેવી તૈયારી કરો છો?
4. તમારે તમારા ગામના સરપંચની મુલાકાત લેવાની હોય તો કેવી કેવી તૈયારી કરશો?
5. તમારા વિસ્તારમાં પાણીની સમસ્યા હોય તો તમે શું કરશો?

- **મહાવરો - 2**

આપેલી વાતચીતને પૂર્ણ કરો.

વેપારી : કેટલાય દિવસ કેમ નહોતા દેખાતા?

ગ્રાહક : ____________________

વેપારી : ____________________

ગ્રાહક : આ યાદી મુજબનો સામાન આપી દો.

વેપારી : ____________________

ગ્રાહક : સારું! કેટલા રૂપિયા થયા?

વેપારી : ______________________________

ગ્રાહક : લો. છૂટા નથી આ બે હજારની નોટ છે. ૨૫૦ રૂપિયા પાછા આપો.

વેપારી : ______________________________

ગ્રાહક : ના, ના જરૂર પડશે તો લઈ જઈશ.

- **મહાવરો - 3**

- તમે જોયેલા સ્થળ વિશે દસ વાક્યો લખો.

**અધ્યયન નિષ્પત્તિ**

G 607 સંકેતનાં બોર્ડ, સમયપત્રક, ટ્રાફિક સિગ્નલ, નકશા પ્રતીકો, ચિત્રો સમાચારપત્રો, સામયિકો અને સંદર્ભ સાહિત્ય વગેરે વાંચી સમજી શકે છે તથા વિગતો તારવી શકે છે.

G 506 સમયપત્રક, નકશા, પ્રતીકો અને લખાયેલી સામગ્રીમાંથી વાંચી સાંભળી શકે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે ઘણાં ટ્રાફિક સિગ્નલ જોયાં હશે. ટ્રાફિક સિગ્નલમાં વિવિધ પ્રતીકો શું કહેવા માંગે છે એ તમને ખબર છે અને એ મુજબ તમે અનુસરતા પણ હશો. તમે ક્યાંક ફરવા ગયા હોય ત્યારે તમારા માર્ગદર્શક તરીકે તમે અનુસરતા પણ હશો. તમે ક્યાંક ફરવા ગયા હોય ત્યારે તમારા માર્ગદર્શક તરીકે તમે નકશાને પણ સાથે રાખતા હશો. નકશાવાચનને આધારે તમારી મુસાફરી કરતા હશો, કેમ ખરું ને? રોજ રોજ સમાચારપત્રો વાંચી એમાં આવતા સમાચાર પ્રાદેશિક છે, પ્રાંત કક્ષાના છે, રાષ્ટ્રીય છે કે આંતરરાષ્ટ્રીય છે એની વિગતો તારવતા હશો જ. જ્યારે જ્યારે આવી વિગતો જુઓ છો કે વાંચો છો ત્યારે તેને સમજવું ખૂબ જ જરૂરી છે.



વિદ્યાર્થીમિત્રો, અહીં તમે જોશો કે આ એક સમાચારપત્રમાં આવેલ લેખ છે જ્યારે તમે આ લેખને વાંચો છો ત્યારે એ લેખ કયા સમાચારપત્રમાં આવ્યો છે, કોણે લખ્યો છે, એ શાના વિશે છે, એ કોને ઉપયોગી થાય એમ છે? તમને શું ઉપયોગી થાય એમ છે વગેરે. લખાણમાંથી વિગતો આપણે તારવીએ છીએ અને આવા સમાચારપત્રમાં આવતા પ્રસંગો, ઘટના, નોંધ વગેરેને વાંચીને આપણે તારવીએ છીએ કે આ સમાચાર શાને લગતા છે.

વિદ્યાર્થીમિત્રો, ઓછામાં વધુ કહેવું હોય ત્યારે ભાષા એ એક ઉત્તમ માધ્યમ હોય છે. તમે જોયું હશે કે ઘણીવાર કંઈ લખેલું ન હોય પણ આપણે ચિત્ર જોઈને સમજી જતાં હોઈએ છીએ કે આ શું કહેવા માંગે છે જેમ કે,



આ એક ચિત્ર છે, આ ચિત્રમાં કશું જ લખેલું નથી તેમ છતાં આપણે સમજી જઈએ છીએ કે આ ચિત્ર શું કહેવા માંગે છે. આ ચિત્ર જ્યારે આપણે જાહેર જગ્યાએ જોઈએ છીએ ત્યારે ખબર પડી જાય કે અહીં ધૂમ્રપાન કરવાનું નથી. ઉપરાંત આવી રીતે ટ્રાફિક સિગ્નલ હોય કે પછી સૂત્રો હોય એ જોયા પછી આપણે કંઈ ન લખ્યું હોય તો પણ સમજી જઈએ છીએ, ખરું ને?

ચિત્ર જોઈને વિગતો તારવવાની હોય ત્યારે પણ આપણે ચિત્રનું બરાબર અવલોકન કરીએ છીએ અને એના આધારે એ ચિત્ર શાનું છે, ચિત્રમાં કઈ કઈ ક્રિયાઓ થઈ રહી છે, વગેરે જેવી વિગતો આપણે તારવીએ છીએ પણ ખાસ ચિત્રનું અવલોકન બરાબર થવું જોઈએ.

જ્યારે આપણે કોઈ પણ લેખિત કે જોયેલી સામગ્રીમાંથી વિગતો તારવવાની હોય છે ત્યારે આપણે એનું અવલોકન ખાસ કરતાં હોઈએ છીએ. પછી ચિત્રને સમજીએ.

- **મહાવરો - 1**

1. આપેલાં ટ્રાફિક સિગ્નલ તમે ક્યાં જોયાં છે અને એ શું સૂચવે છે તે લખો.





● **મહાવરો - 2** તમારા ગામમાં આવતી બસ/ટ્રેનનું સમયપત્રક તૈયાર કરો.

| ક્રમ | ક્યાંથી આવશે | ક્યાં જશે | આવવાનો સમય | જવાનો સમય |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

● **મહાવરો - 3** આપેલી અખબારી નોંધને આધારે પ્રશ્નોના જવાબ આપો.

**રફતાર બાઈક મહામેળો**

● કોઈપણ બાઈક એક્સચેન્જ કરાવો અને આકર્ષક વળતર મેળવો.





**ઑફર**

● કોઈ પણ નવી બાઈક ખરીદવા ઝીરો ડાઉન પેમેન્ટની ખાસ ઑફર.

● નવી બાઈક ખરીદી પર હેલ્મેટ તદ્દન ફ્રી

● આ ઑફર ફક્ત અમદાવાદ પૂરતી મર્યાદિત રહેશે.

**રફતાર મહામેળાનું આયોજન**

અક્ષત કોમ્પ્લેક્સ - કર્ણાવતી પગરખાં બજાર પાછળ, નિકોલ, અમદાવાદ

**આયોજન**

જૂનથી જુલાઈ

**આયોજક**

આદર્શ બાઈકવાલા

**પ્રશ્નો -**

1. આયોજક એટલે શું ?

2. આ મહામેળાનો લાભ કોણ લઈ શકશે ?

3. આ મહામેળો ક્યાં ભરાયો છે ?

4. નવી બાઇક લેતાં પહેલાં કેટલા રૂપિયા ચૂકવવા પડશે ?

5. આદર્શ બાઇકવાલા શાની પર વિશેષ વળતર આપશે ?

- **મહાવરો - 4** તમે સાંભળેલી એક વાર્તા વિશે બોલો.
- **મહાવરો - 5** તમારા ગામમાં જાહેર જગ્યા પર લાગેલાં સૂત્રો કયાં કયાં છે? એ સૂત્રો જેવાં બીજાં સૂત્ર બનાવો.

**અધ્યયન નિષ્પત્તિ**

G609 શિક્ષકની મદદથી શબ્દકોશ, બાળકોશ અને બાળવિશ્વકોશનો ઉપયોગ કરી આશરે ૩૦૦૦ જેટલા શબ્દો સમજી અને તેનો વ્યાવહારિક ઉપયોગ કરે છે.

G508 આશરે 2500 જેટલા શબ્દો સમજી અને શબ્દકોશનો ઉપયોગ કરી શકે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે ઘણી વાર્તાઓ સાંભળી હશે. ઘણાં કાવ્યો અને ગીતો ગાયાં પણ હશે ને સાંભળ્યાં પણ હશે. એ વાર્તાઓ, કાવ્યો, ગીતોમાં તમે નવા નવા શબ્દો સાંભળ્યા હશે. એ શબ્દોના અર્થ તમને નહીં ખબર હોય તો તમે શબ્દકોશ કે બાળકોશમાં શોધવાનો પ્રયત્ન કર્યો હશે. નવા નવા શબ્દો અને એના અર્થ આપણને વાચનથી મળતા હોય છે અને એના આધારે આપણું શબ્દભંડોળ વધતું હોય છે. વિદ્યાર્થીમિત્રો, આપણને વધુ શબ્દો ખબર હોય તો આપણી ભાષા સમૃદ્ધિ પણ થતી હોય છે. જ્યારે આપણે એનો વ્યવહારમાં ઉપયોગ કરીએ છીએ ત્યારે એક અલગ છાપ ઊભી થતી હોય છે.

વિદ્યાર્થીમિત્રો, આપણી બોલચાલની ભાષામાં કેટલાક શબ્દો સ્થાનિક વિસ્તાર મુજબ બોલાતા હોય છે. જેમ કે, 'સોકરાં અમણ જ નેહાર ભણી જ્યાં.' તમે પણ આવા શબ્દો-વાક્યો બોલતાં હશો. તમારાં ઘર, ગામ, વિસ્તારમાં આવા શબ્દો બોલાતા સાંભળ્યા જ હશે. આવા શબ્દોના માન્ય અર્થ આપણે જાણવા જોઈએ. જેમ કે, 'નેહાર' શબ્દનો માન્ય શબ્દ 'નિશાળ' થાય. આ રીતે સ્થાનિક બોલીના માન્ય શબ્દો જાણવા શિક્ષક, વાલી કે મિત્રો સાથે ચર્ચા કરવી જોઈએ.

હવે માન્ય શબ્દોના અર્થ શોધવા આપણને શબ્દકોશ ઉપયોગી થઈ શકે છે. શબ્દકોશમાં શબ્દો ચોક્કસ ક્રમમાં આપેલા હોય છે. આ ક્રમ જાણી લઈએ તો આપણે શબ્દનો અર્થ સરળતાથી શોધી શકીએ છીએ. જેમ કે, નિશાળ, છોકરો, હમણાં આ શબ્દમાં કયો શબ્દ પહેલો આવશે? એ શોધવા માટે આપણો આ શબ્દોના પ્રથમ અક્ષરને જુઓ. કયો અક્ષર પહેલો આવશે ? જે અક્ષર ક્રમમાં પહેલો આવે તે પ્રમાણે શબ્દકોશમાં જુઓ. શબ્દકોશમાં શબ્દોને કક્કા મુજબ ક્રમ પ્રમાણે ગોઠવવામાં આવે છે.

1. શબ્દોને પ્રથમ બારાક્ષરી પ્રમાણે તેમજ કક્કાવારીના ક્રમમાં ગોઠવવામાં આવે છે.

   બારાક્ષરીનો ક્રમ : અ, અં, આ, આં, ઇ, ઇં, ઈ, ઈં, ઉ, ઉં, ઊ, ઊં, એ, એં, ઐ, ઐં, ઓ, ઓં, ઔ, ઔં,

   કક્કાનો ક્રમ : ક, ખ, ગ, ઘ

2. શબ્દકોશમાં સૌથી પહેલાં 'અ' થી શરૂ થતાં છેલ્લે 'હ' થી શરૂ થતાં શબ્દો આવશે. 'ક્ષ' એ 'ક્' અને 'ષ'નો જોડાક્ષર હોવાથી તેમજ તેનું ઉચ્ચારણ કરતી વખતે પણ ક બોલવો પડે છે. 'ક્ષ'થી શરૂ થતાં શબ્દો 'ક'ના ક્રમમાં આવે છે.

   'જ્ઞ' એ 'જ્' અને 'ઞ' નો જોડાક્ષર હોવાથી 'જ્ઞ' થી શરૂ થતાં શબ્દો 'જ'ના ક્રમમાં આવે છે.

3. ‘ક’ થી ‘હ’ સુધી અક્ષરોને શબ્દકોશના ક્રમમાં ગોઠવાય છે. ‘ક’ નો આવો ક્રમ નીચે પ્રમાણે થાય છે.

ક, કં, કા, કાં, કિ, કિં, કી, કીં, કુ, કું, કૂ, કૂં, કૃ, કે, કૅ, કૃ, કેં, કૈ, કૈં, કૉ, કોં, કોં, કૌ, કૌં, ક્ ...

4. શબ્દોનો પ્રથમ અક્ષર સમાન હોય તો બીજા અક્ષર પ્રમાણે અને બીજો અક્ષર સમાન હોય તો ત્રીજા અક્ષર પ્રમાણે આગળ વધવું. ઉદા. વિષય, વિષમ, વિપદમાં ‘વિ’ સમાન છે. ‘પ’ અને ‘ષ’માં ‘પ’ આગળ આવે, આથી પહેલો શબ્દો ‘વિપદ’ આવે. બાકીના બે શબ્દોમાં ‘વ’ અને ‘ષ’ સમાન છે તેથી ત્રીજા અક્ષર ‘ય’ અને ‘મ’ આવે. આમ, આ શબ્દોનો ક્રમ આ પ્રમાણે આવે : વિપદ, વિષમ, વિષય.

5. જે-તે અક્ષરનો બારાક્ષરીનો ક્રમ પૂરો થતાં જોડાક્ષરનો ક્રમ શરૂ થાય છે. તેમાં જોડાનાર અક્ષરોના ક્રમ પણ કક્કા પ્રમાણે નક્કી થાય છે. જેમ કે, ‘સ્મિત’ અને ‘સ્થિર’માં ‘સ્થિર’ પછી ‘સ્મિત’ આવે.

6. સ્વરોનો ક્રમ પણ બારાક્ષરીના ક્રમ પ્રમાણે નક્કી થાય છે.

અહીં નીચે કેટલાક મહાવરા આપ્યા છે. તે કરી જુઓ. એટલે તમને આ બાબત વધુ સમજાશે.

- **મહાવરો - 1**

આપેલા શબ્દોના અર્થ શબ્દકોશમાંથી મેળવી શબ્દકોશના ક્રમમાં ગોઠવો.

ભાર્યા , હસ્ત, સખ્ય, નિશીથ, વિહગ, પ્રજ્ઞા, કાનન

- **મહાવરો - 2**

આપેલા શબ્દનો ઉપયોગ કરીને વાક્ય બનાવો.

ગિરિવર, હિંડોળો, વિજય, પ્રતિભા, ગુલાલ

- **મહાવરો - 3**

આપેલા શબ્દોનો ઉપયોગ કરીને એક ફકરો લખો અને શીર્ષક આપો.

દીવો - શણગાર - તોરણ - ગુલાલ - રંગોળી - મીઠાઈ - કપડાં - ફટાકડા - રંગરોગાન - સાફસફાઈ - વેકેશન - તહેવારોની હારમાળા - વડીલો - નૂતનવર્ષ - હરવુંફરવું - રોશની - આકાશ - ઝગમગાટ - ખરીદી - ઉજવણી

- **મહાવરો - 4** ‘ખાડો ખોદે તે પડે’ - કહેવતને તમારા શબ્દોમાં સવિસ્તાર લખો.

- **મહાવરો - 5** આપેલા ફકરામાં રેખાંકિત શબ્દોને સ્થાને એનો સમાન અર્થ ધરાવતો શબ્દ મૂકી ફકરો ફરીથી લખો.

આજે <u>ગગન</u>માં કાળા ડીબાંગ વાદળાં થયાં છે. બધા લોકો કહે છે <u>મેઘો</u> આજે મન મૂકીને વરસશે. <u>વિહંગ</u> તો <u>ગેલ</u>માં આવી ગયાં છે વાતાવરણ જોઈને. <u>કૃષકની</u> ખુશીનો તો કોઈ પાર જ નથી. ધોરીડાને પણ શણગાર્યા છે. થોડી જ વારમાં જ્યાં <u>જળ</u> ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ જેવી સ્થિતિ થશે એવું બધા માનતા હતા પણ એવું થયું નહિ. આ <u>વરસાદ</u>થી જીવજંતુ જ નહિ પણ <u>અરણ્ય</u>ને પણ જીવતદાન મળે છે.

● **મહાવરો - 6** ખોટો શબ્દ છેકી નાખી વાક્ય ફરીથી લખો.

1. તરસ લાગતાં જ મૈત્રીએ પાણી/પાણિ આપ્યું.
2. આજે દિન/દીનદુખિયાની મદદ માટે ઘણી સંસ્થાઓ આગળ આવે છે.
3. તેનામાં સાચું બોલવાનો ગુણ/ગૂણ હતો.
4. માતાએ ચિન્ટુને ખૂબ વારી/વારિ પણ માને તો ને!
5. હરી/હરિ તારાં નામ છે હજાર કયા નામે લખવી કંકોતરી.

● **મહાવરો - 7** નીચેના શબ્દોનું વર્ગીકરણ કરો :

(સાડી, બાગ, મંદિર, મોર, પુસ્તક, ચમચી, દીવાલ, રસ્તો, વ્યક્તિ, આત્મા)

| સ્ત્રીલિંગ | પુલ્લિંગ | નપુંસકલિંગ |
|---|---|---|
| | | |
| | | |

**અધ્યયન નિષ્પત્તિ**

G610 મુલાકાત વખતે આત્મવિશ્વાસપૂર્વક પોતાની વાત રજૂ કરી, પ્રશ્નોત્તરી કરી શકે છે.

G509 સાહજિક રીતે ખચકાયા વગર બોલી શકે છે.

● **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, આપણે બોલીએ છીએ એ સાંભળેલું બોલીએ છીએ. શરૂઆતમાં આપણે ઘણું બધું સાંભળીએ છીએ અને પછી બોલીએ છીએ. વિદ્યાર્થીમિત્રો, તમારા પરિચયમાં હોય એ વિષય પર તમારે બોલવાનું હોય તો તમને ખૂબ જ સરળ પડે છે, કેમ ખરું ને? જેમ કે, તમને કોઈ તમારા ગામ વિશે કે શાળા વિશે પૂછે તો તમે ફટાફટ બોલવા લાગો છો. તમે એ ફટાફટ એટલા માટે બોલી શકો છો, કારણ કે તમે એ વિગતથી સારી રીતે પરિચિત છો, પરંતુ જ્યારે તમે ઘરમાં વાત કરતાં હો ત્યારે બિલકુલ ખચકાટ વિના બોલી શકો છો અને જ્યારે કોઈ અપરિચિત જગ્યાએ બોલવાનું થાય ત્યારે મુશ્કેલી અનુભવાય એવું થતું હશે. કેમ ખરું ને? જેમ કે...

તમારે ગામના સરપંચને મળવાનું હોય તો તમે કેવા કેવા પ્રશ્નો પૂછશો?

1. તમારું નામ શું છે?
2. સરપંચ બનવા શું કરવું પડે?
3. તમે ગામના કામ કરવા પૈસા ક્યાંથી લાવો છો?
4. ગામનાં કયાં-કયાં કામ તમારે કરવાનાં હોય છે?
5. તમે કેટલા વર્ષ સુધી સરપંચ રહી શકો?

આવા પ્રશ્નો તમે પૂછી શકો છો.

પરંતુ આ તો તમારા ગામના સરપંચ હતા એટલે તમારા પરિચયમાં પણ હશે, પરંતુ તમારે કોઈ અજાણી વ્યક્તિની મુલાકાત કરવાની હોય ત્યારે તમારે પહેલાથી પ્રશ્નોતરી બનાવવી પડે. જેમ કે,

તમારે કોઈ કવિ, લેખક, બૅન્કમૅનેજર, પોસ્ટ માસ્તર, તલાટી વગેરેની મુલાકાત કરવાની હોય ત્યારે પ્રશ્નો પહેલાંથી, તૈયાર કરવા પડે. પ્રશ્નો તૈયાર કરતી વખતે આપણે કોને પ્રશ્ન પૂછવાના છીએ, એમની શું કામગીરી હોય એના વિશે પણ થોડું જાણી લઈએ તો પ્રશ્નો પૂછવામાં સરળતા રહે.

- **મહાવરો - 1** તમારા મિત્ર વિશે બોલો.
- **મહાવરો - 2** તમારે કોઈ કવિને મળવાનું હોય તો તમે કેવા પ્રશ્નો પૂછો? - પ્રશ્નો બનાવો.
- **મહાવરો - 3** તમે કોઈ કારીગરને વસ્તુ બનાવતાં જોયા હશે. એ વસ્તુ કેવી રીતે બનાવે છે તે લખો.
- **મહાવરો - 4** તમારે બૅન્ક મૅનેજરની મુલાકાત કરવાની હોય તો કેવી કેવી તૈયારી કરો?
- **મહાવરો - 5** તમારી શાળામાં યોજાયેલો બાળમેળો તમને ગમ્યો? શા માટે?

**અધ્યયન નિષ્પત્તિ**

G611 પાઠ્યપુસ્તક અને વાંચેલી, સાંભળેલી, જોયેલી સામગ્રીમાંથી માહિતી મેળવવા શા માટે? કેવી રીતે? જેવા પ્રશ્નો પૂછી કાર્યકારણ સંબંધો તારવી જવાબ આપે છે, ઉકેલ મેળવે છે.

G511 જોયેલી, સાંભળેલી અને કલ્પના બાબતોનું વર્ણન કરી શકે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમને તે વાતનો ખ્યાલ હશે કે તમે જે વિગત વાંચો છો, જુઓ છો કે સાંભળો છો તેને લાંબા સમય સુધી યાદ રાખી શકો છો. તેનું કારણ કયું હશે? હા તમે જ્યારે સાંભળો, જુઓ કે વાંચો છો ત્યારે તેમાં રસ દાખવો છો એટલે તે યાદ રહી જાય છે. આ બાબતને અવલોકન સાથે પણ જોડી શકાય છે. તમે જ્યારે કોઈ ઘટના અંગેનું ચિત્ર જુઓ છો ત્યારે તેમાંથી તમને કેટલાક પ્રશ્નો પણ ઉદ્ભવતા હશે - જેમ કે આવું કેમ થયું હશે? આમ થયું હોય તો સારું વગેરે... આ વાતને સમજવા માટે એક મહાવરો કરીએ.

અહીં એક ચિત્ર આપવામાં આવ્યું છે. આ એક જ ચિત્રમાં એક કરતાં વધુ ચિત્રો આપેલાં છે. તમારે આ બંને ચિત્રોનું બરાબર અવલોકન કરવાનું છે અને બંને ચિત્રોમાં શું તફાવત છે એ લખવાનું છે. જ્યારે આપણે બે ચિત્રોનું અવલોકન કરીને વિગતો તારવવાની હોય છે ત્યારે અવલોકન મુખ્ય હોય છે. વિદ્યાર્થીમિત્રો, આ એક ચિત્રનો નમૂનો છે. તમે આવાં ઘણાં ચિત્રો જોતાં જ હશો અને એ ચિત્રોની વિગતો પણ તારવતા હશો. કેટલાંક ચિત્રોનું વર્ણન લખતા હશો કે બોલતા હશો. ચિત્ર આધારિત પ્રશ્નોના જવાબ પણ આપતા હશો, કેમ ખરુંને? તો ચાલો, આ ચિત્રમાં આપવામાં આવેલાં તમામ ચિત્રો જુઓ અને એનું ધ્યાનપૂર્વક અવલોકન કરીને પ્રશ્નોના જવાબ આપો.



**પ્રશ્નો -**

1. ચિત્ર કયા સ્થળનું છે?
2. પહેલા ચિત્રમાં એવું શું છે, જે બીજા ચિત્રમાં નથી?
3. ચિત્રમાં જે સાધનો છે એ સાધનોનો ઉપયોગ શો છે?

આ ઉપરાંત, તમે તમારા ઘરમાં વિવિધ પ્રકારનાં બિલ જોયાં હશે, સાથે સાથે ઘરમાં લાવવામાં આવતી વિવિધ સામગ્રી પરનાં લખાણ પણ વાંચતા હશો. જાહેરાત વાંચીને વિગતો પણ સમજતા હશો.

- **મહાવરો - 1** અહીં કોઈએ બસમાં મુસાફરી કરી તેની ટિકિટ છે. આ ટિકિટમાં આપેલી તમામ વિગતોને વાંચી-સમજીને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

**સાવરકુંડલા ડેપો**

અમરેલી ડિવિઝન

નં. 054824 **તારીખ :** 20/3/2022

**સમય :** 14:39:10

**મુસાફરી :** સાવરકુંડલાથી અમદાવાદ

**કુલ અંતર :** 303 કિમી

**મુસાફરની સંખ્યા :** 2

**ટિકિટની રકમ :** 176

**કુલ રૂપિયા :** 352

1. આ ટિકિટમાં ક્યાં સુધીની મુસાફરી થઈ હશે?
2. આ મુસાફરી કઈ તારીખે થઈ હશે?
3. આ ટિકિટમાં કેટલા મુસાફરોએ મુસાફરી કરી હશે?
4. મુસાફરી કયા સમયે શરૂ થઈ હશે?
5. મુસાફરી દરમિયાન કેટલા કિલોમીટરની મુસાફરી કરી હશે?
6. આ બસ કયા બસસ્ટૅન્ડ પરથી ઊપડી હશે?
7. આ ટિકિટની કુલ કિંમત કેટલી છે?

- **મહાવરો - 2** તમારા મિત્ર, કુટુંબીજનો કે શિક્ષક પાસેથી કોઈ એક વાર્તા સાંભળો.

વાર્તા સાંભળ્યા બાદ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

- તમે જે વાર્તા સાંભળી તેનું નામ શું હતું?

- તમે સાંભળેલી વાર્તામાં કેટલાં પાત્રો હતાં? કયાં કયાં?
- તમે સાંભળેલી વાર્તામાં કયું પાત્ર તમને સૌથી વધુ ગમ્યું? કેમ?
- તમે સાંભળેલી વાર્તામાં કઈ ઘટના તમને ન ગમી? કેમ?

- **મહાવરો - 3** આપેલા ફકરાને વાંચી પ્રશ્નોના જવાબ આપો.

કચ્છમાં બે રણ છે : નાનું અને મોટું. રણની વિશેષતા શી એ ખબર છે? અહીં ક્યાંય રેતી જોવા નહીં મળે. આખી દુનિયાનાં રણોથી આપણું રણ એ રીતે જુદું પડે છે. અહીં વર્ષમાં આઠ મહિના દરિયાનું પાણી હોય છે ને ચાર મહિના આ રણ સુકાયેલું હોય છે. કચ્છમાં પ્રવેશ કરવા માટે સૂરજબારીનો પુલ તૈયાર કરવામાં આવ્યો છે. વર્ષો પહેલાં કચ્છ ચારે તરફ પાણીથી ઘેરાયેલો બેટ હતો. તેનો આકાર કાચબા જેવો લાગતો હોવાથી તેનું નામ કચ્છ પડ્યું એવી માન્યતા છે. ભૂસ્તરીય હલનચલનથી કચ્છની ધરતી સમુદ્રતટ પર આવતી થઈ અને ઉત્તરનો ભાગ પાણી વગરના, રેતી વગરના સપાટ રણમાં પરિવર્તિત થયો.

**પ્રશ્નો -**

1. કચ્છમાં કેટલાં રણ છે? કયાં કયાં?
2. કચ્છમાં પ્રવેશ માટેની શી વ્યવસ્થા છે?
3. કચ્છનું રણ બીજાં રણ કરતાં કેવી રીતે અલગ પડે છે?
4. ‘બૅટ’ કોને કહેવાય?

**અધ્યયન નિષ્પત્તિ**

G612 જોયેલી, સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા અન્ય પ્રશ્નોના જવાબ લખે છે.

G512 જિજ્ઞાસાપ્રેરક પ્રશ્નો પૂછી શકે છે અને પ્રશ્નોના જવાબ આપી શકે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, આપણે જ્યારે વાંચીએ છીએ ત્યારે એકલું વાંચતા નથી પરંતુ સાથે સાથે સમજતા પણ હોઈએ છીએ. એનો અર્થ એ કે આપણે સમજણપૂર્વકનું વાચન કરીએ છીએ. જો સમજણ પૂર્વકનું વાચન ન થાય તો વાંચવાની જે સામગ્રી હોય એની વિગતો આપણને સમજાતી નથી. જેમ કે,

અહીં એક ફકરો આપવામાં આવ્યો છે. એ ફકરાનું સમજણપૂર્વક વાંચન કરીને જ્યારે એ ફકરાને આધારે પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવાના થાય ત્યારે આપણે ફકરાની વિગતો બરાબર યાદ રાખવી પડે. જો આપણે સમજણપૂર્વક ફકરાનું વાચન કર્યું હોય તો વારંવાર આપણે એ ફકરાને વાંચવો ન પડે! ચાલો, ફકરાને વાંચીને નીચેના પ્રશ્નોના જવાબ આપો.

- મારું નામ અનુજ છે. બધાને ટૂંકું કરીને બોલવાની ટેવ એટલે ‘અનુ’ કહીને બોલાવે. મિતાંશ એ મારાથી ઘણા અંતરે રહે છે. ક્યારેક વર્ષ જ નહીં પણ વર્ષો થઈ જાય છે એને મળવામાં. મારી બહેનનો દીકરો મિતાંશ દેશ કરતાં વિદેશમાં વધુ રહે છે. સારો અભ્યાસ કરીને તેણે નાની ઉંમરમાં મોટી જવાબદારી ઉપાડી લીધી છે.

**પ્રશ્નો -**

1. અનુજ અને મિતાંશ વચ્ચે શો સંબંધ છે?

2. મિતાંશને મળવા માટે વર્ષો કેમ લાગતાં હશે?

3. આ ફકરામાંથી વિરુદ્ધાર્થી શબ્દોની બે જોડ શોધો.

વિદ્યાર્થીમિત્રો, ક્યારેક આપેલ સામગ્રી, ઘટના કે પ્રસંગને આધારે તો ક્યારેક અનુભવના આધારે આપણી પાસે વિગતો હોય છે. વિગતોને આધારે જ્યારે આપણે જવાબ આપવાના હોય ત્યારે એ વિગતો બરાબર સમજણપૂર્વક આત્મસાત્ થયેલી હોય એ ખૂબ જ જરૂરી છે.

જેમ કે...

તમારા જીવનમાં બનેલા યાદગાર પ્રસંગ વિશે લખો.

જ્યારે આવો પ્રશ્ન હોય ત્યારે આપણે આપણા જીવનમાં ઘણા યાદગાર પ્રસંગ બન્યા હોય, એમાંથી જે સૌથી વધારે યાદગાર હોય એને યાદ કરીને લખવાનો પ્રયત્ન કરીએ છીએ.

આ ઉપરાંત, વિદ્યાર્થીમિત્રો ઘણીવાર કોઈ લેખિત સામગ્રીના આધારે આપણે જવાબ આપવાના થાય ત્યારે એક કરતાં વધુ વિકલ્પ હોય એવા જવાબ આપણા માટે મૂંઝવણ ઊભી કરતાં હોય છે જ ત્યારે આવા એક કરતાં વધુ વિકલ્પવાળા જવાબ આપવાના હોય ત્યારે આપણે એકદમ નજીકનો અર્થ પસંદ કરીને જવાબ આપતા હોઈએ છીએ. જેમ કે, અહીં એક ફકરો આપવામાં આવ્યો છે અને એના આધારે પ્રશ્નોના જવાબ તમારે એક કરતાં વધુ વિકલ્પ આપવામાં આવ્યા હોય ત્યારે આપણે એ ફકરાને બરાબર સમજવો પડે.

**ફકરો**

- મને ન ઓળખ્યો? હું પીપળો છું. આ ગામના પાદરમાં ઊગીને મોટો થયો. નદીને ઠેઠ સામે કાંઠે મારા માવતર. એનું મૂળ ભોમાં વધતા વધતા ઠેઠ આ ગામના પાદરમાં આવીને ફૂટ્યું. મારાં બીજાં ભાંડરડાંની જેમ મને કોક હરાયું ભૂખ્યું ઢોર આવીને ઊગ્યા ભેગું જ ચાવી જાત. મારા નસીબ એટલા ચડિયાતા તે મને અડખે - પડખે કાળમીંઢ પાણાની મોટી-મોટી શીલાઓની ઓથ જડી ગઈ અને એ ઓથમાં હું સારી પેઠે મોટો થઈ ગયો.

**પ્રશ્નો -**

**1. એનું મૂળ ભોમાં હતું. અહીં 'ભો' એટલે ?**

(અ) માથું (બ) જમીન (ક) ભમરો (ડ) ભૂખ

**2. નીચેનામાંથી સમાનાર્થીનું કયું જોડકું સાચું છે?**

(અ) નસીબ - ભાગ્ય (બ) અડખે - પડખે (ક) નાની - મોટી (ડ) પહેલા - બીજા

જ્યારે એક કરતાં વધુ વિકલ્પોમાંથી આપણે જવાબ પસંદ કરવો હોય ત્યારે આપણે એમાં આપવામાં આવેલ શબ્દો અને તેના અર્થ પણ જાણવા ખૂબ જ જરૂરી બની જાય છે.

- **મહાવરો - 1** આપેલી ઘટનાને વાંચો અને સમજો. આ ઘટનાને આગળ વધારો.

  હું અને મારો મિત્ર ખેતરમાં જ હતા. અચાનક મારા મિત્રના પગમાં કાંટો વાગ્યો....

- **મહાવરો - 2** તમે ક્યારેય છેતરાયા છો? ક્યાં ? કેવી રીતે?

- **મહાવરો - 3** તમે કઈ ફિલ્મ જોઈ છે? ગમી? કેમ?
- **મહાવરો - 4** તમે પરીક્ષા આપવા નીકળ્યા અને રસ્તામાં કોઈને અકસ્માત થયો હોય તો તમે શું કરો?
- **મહાવરો - 5** તમારા જન્મદિવસે તમારી મમ્મી ફિલ્મ જોવાનું કહે છે, પપ્પા ગરીબ બાળકોને પુસ્તક આપવાનું કહે છે ને તમારી બહેન બગીચામાં ફરવા જવાનું કહે છે. તમે કયું પસંદ કરશો? કેમ?
- **મહાવરો - 6** તમારા મિત્ર સાથે તમે ફરવા જાઓ છો. મિત્ર પિત્ઝા ખાવાનું કહે છે ને તમારી ઈચ્છા ખીચડી-કઢી ખાવાની છે. શું કરશો? કેમ?

**અધ્યયન નિષ્પત્તિ**

G513 કથનમાં નવા શબ્દોનો પ્રયોગ કરી શકે છે અને મુદ્દા પરથી વાર્તા રજૂ કરી શકે છે.

- **સમજ :**

ભાષામાં સાંભળીને, બોલીને, વાંચીને કે લખીને આપણે આપણી વાત રજૂ કરતા હોઈએ છીએ. જ્યારે આપણે લખીએ ત્યારે તે લખાણ સુવાચ્ય રીતે લખાય એ ખૂબ જ જરૂરી છે. ભાષામાં સર્જન પણ એક અગત્યનું અંગ છે. ભાષામાં વિરામચિહ્નો પણ એટલાં જ જરૂરી બની જતાં હોય છે, કારણ કે જો લખાણમાં અટકસ્થાનોનું ધ્યાન ન રાખવામાં આવે તો અર્થનો અનર્થ થવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે.

લખતી વખતે અક્ષર અક્ષર અને શબ્દ શબ્દ વચ્ચેનું અંતર યોગ્ય જ રાખવું પડે. જો આમ ન થાય તોપણ લખાણ યોગ્ય ઠરતું નથી.

**ઉદાહરણ :**

સરોવર લખવું હોય તો સ રો વ ર આમ લખીએ તો શક્ય છે કે અક્ષરવાચન થાય, શબ્દવાચન ન થાય. માટે સરોવર લખવું હોય તો બધા જ અક્ષર એક સરખા મરોડવાળા હોય એ પણ જરૂરી છે. જો **સરોવર** આમ લખીએ તોપણ અસ્પષ્ટ થાય.

લેખન એ ખૂબ જ કાળજી લેવાનો વિષય છે. જ્યારે કોઈ એક શબ્દ પરથી લેખન કરવાનું થાય ત્યારે મર્યાદા આવી જાય, પરંતુ જો એક વિષય કે વિચાર પરથી લેખન કરવાનું હોય ત્યારે મુક્ત રીતે સારું લેખન થઈ શકે.

જેમ કે, જો તમને ‘પતંગ’ શબ્દના આધારે લખવું હોય તો લખવામાં એક મર્યાદા આવી જાય. તમે માત્ર પતંગ વિશે લખશો.

જેમ કે પતંગ મને ગમે છે. પતંગનો રંગ લાલ હોય છે. વગેરે.

પણ જો તમને એમ કહેવામાં આવે કે ‘ઉત્તરાયણ’ વિશે લખો તો તમે વિસ્તારથી લખી શકો.

જેમ કે, ઉત્તરાયણ એ મારો પ્રિય તહેવાર છે.

ઉત્તરાયણ 14 જાન્યુઆરીના રોજ આવે છે.

ઉત્તરાયણને ‘મકરસંક્રાંતિ’ પણ કહેવામાં આવે છે. વગેરે વગેરે.

જ્યારે તમારે કોઈ વાતચીત કે પ્રસંગને આધારે લેખન કરવાનું હોય છે ત્યારે પણ તમારે વિશેષ કાળજી લેવી પડે છે.

જેમ કે, હું તમને કહું કે તમે સવારે ઊઠીને પહેલાં કોની જોડે વાત કરો છો? કેવી વાત કરો છો?

વિદ્યાર્થીમિત્રો, પ્રસંગ અને ઘટનામાં ઝાઝો ફેર નથી, પરંતુ જે થોડો ઘણો ફેર છે તે સમજીએ. પ્રંસગનો અર્થ અવસર, ટાણું અને સમય (વખત) પણ થાય. તેનો એક અર્થ 'બનાવ' પણ થાય એટલે કે પ્રસંગમાં સમય અને બનાવની વાત હોઈ શકે જ્યારે ઘટનામાં જે-તે બનાવ બનતો દર્શાવ્યો હોય. 'ઘટના' આવે એટલે ખ્યાલ પણ આવે, સમય પણ આવે અને પરિસ્થિતિનું નિરૂપણ પણ આવે. આપણે ઉદાહરણ દ્વારા સમજીએ.

જેમ કે, કોઈ વાર્તા કે કથા વિશે આપણે માહિતીની રીતે વાર્તા કરતાં હોઈએ ત્યારે તે પ્રસંગનું વર્ણન કર્યું કહેવાય. જ્યારે 'લેખણ ઝાલી નો રહી', 'કદર' ઘટના ધરાવતી વાર્તાનાં ઉદાહરણો છે.

- **મહાવરો - 1**

1. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

   (પિચકારી, આજ્ઞા, શાબાશ, બાંધવ, ગુજરાત)

- **મહાવરો - 2** તમે ફટાકડા ખરીદવા ગયા હોય તો વેપારી સાથે શું વાતચીત કરશો એ લખો.
- **મહાવરો - 3** 'પ્રવાસ' શબ્દનો ઉપયોગ કરીને સાત લીટીનો એક ફકરો લખો.
- **મહાવરો - 4** કૌંસમાં આપેલા શબ્દનો ઉપયોગ કરીને ખાલી જગ્યા પૂરો.

(સંતોષી, પ્રમાણિક, મોચી, સાધુ, પગ, કાશી)

______ નગરીમાં એક ______ રહેતો હતો. તે બહુ ______ હતો. ______ પણ એટલો જ. એકવાર ______ આવીને મોચીને પૂછવા લાગ્યા, ''મોચી ભગત! મારા ______ નાં પગરખાંનું શું પડે?

- **મહાવરો - 5** તમારી શાળામાં યોજાયેલા ધુળેટીના પ્રસંગ વિશે લખો.
- **મહાવરો - 6** ધુળેટીની ઉજવણીમાં તમારી યાદગાર ઘટના કઈ હતી એ લખો.

**અધ્યયન નિષ્પત્તિ**

G616 સ્વતંત્રલેખન કરે છે. (કાવ્ય, ઉખાણાં, મુદ્દા પરથી વાર્તા, પત્રલેખન, નિબંધલેખન, સારાંશ લેખન ઘટના કે પ્રસંગનો અહેવાલ) વગેરે

G517 અપરિચિત વિષય પર સ્વતંત્રલેખન કરી શકે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, તમે અગાઉનાં ધોરણમાં અનુલેખન, સુલેખન, શ્રુતલેખન કર્યું જ હશે. તમને ખબર જ છે કે અનુલેખન એટલે જે છે એને જોઈ જોઈને જ લખવાનું હોય છે, જ્યારે શ્રુતલેખન એટલે સાંભળીને લખવાનું હોય છે. તમારા શિક્ષક કે માતા-પિતા શબ્દો કે વાક્યોનું શ્રુતલેખન કરાવતાં હોય ત્યારે તમારે શબ્દો કે વાક્યોને ધ્યાનપૂર્વક સાંભળીને લખવાનાં હોય છે. વળી સુલેખન એટલે સારી રીતે લેખન કરવું. સુ - એટલે સારું એનો અર્થ એ કે સારી રીતે લેખન કરવું. હવે તમારે સ્વતંત્રલેખન કરવાનું થશે. તમને થશે વળી સ્વતંત્રલેખન એટલે કેવું લેખન? તો

વિદ્યાર્થીમિત્રો ! સ્વતંત્રલેખન એટલે આપવામાં આવેલા કોઈ પણ મુદ્દા વિશે જાતે જ કોઈ પણ પ્રકારના આધાર વગર લખવું એટલે સ્વતંત્રલેખન.

તમે કોઈને પત્ર લખો છો ત્યારે કોઈ જ આધાર લીધા વગર તમારી જાતે જ તમારા વિચારોને આધારે પત્ર લખો છો. આ સ્વતંત્રલેખનનું જ એક ઉદાહરણ છે. આ ઉપરાંત તમે કોઈ કવિતા, ગીત કે જોડકણાનું સર્જન કરો એ પણ સ્વતંત્રલેખન છે. વળી, મુદ્દા પરથી વાર્તા લખો એ પણ મુક્તલેખન તો છે જ, પરંતુ વિદ્યાર્થીમિત્રો, જ્યારે આપણે મુદ્દા પરથી વાર્તા લખીએ છીએ ત્યારે એક બાબતની કાળજી લેવી ખૂબ જ અનિવાર્ય છે. આપણને જે મુદ્દા આપવામાં આવ્યા છે એ જ મુદ્દાનું આપણે વાક્ય બનાવી દેતા હોઈએ છીએ, પરંતુ એવું ન કરતાં આપણે મુદ્દાઓને વિસ્તારવાના છે. જેમ કે-

જંગલ - પ્રાણીઓ - જંગલનો રાજા - વૃક્ષો કપાવાં - પ્રાણીઓની ચિંતા - પ્રાણીઓનું પલાયન.

આવા મુદ્દા આપ્યા હોય ત્યારે આપણે શું કરતા હોઈએ છીએ કે જે મુદ્દો આપ્યો છે એનું જ વાક્ય બનાવી દઈએ છીએ જેમ કે...

એક જંગલ હતું. પ્રાણીઓ રહેતાં હતાં. જંગલમાં એક રાજા હતો. જંગલમાં વૃક્ષો કપાયાં.

આપણે આમ મુદ્દાને જ વાક્ય બનાવીને લખીએ છીએ, પરંતુ એવું ન કરતાં આપણે આ જ મુદ્દાનો આધાર લઈને આ મુદ્દાઓને વિસ્તારવાના પણ છે.

જેમ કે,

એક ઘટાદાર અને મોટું જંગલ હતું. એ જંગલમાં વાઘ, સિંહ, ચિત્તો, સસલું, શિયાળ જેવાં પ્રાણીઓ રહેતાં હતાં. આ બધાં પ્રાણીઓએ એમના રાજા તરીકે સિંહને પસંદ કર્યો એટલે આ જંગલનો રાજા સિંહ બન્યો. જંગલમાં બધાં પ્રાણીઓ શાંતિથી રહેતાં હતાં, પણ દિવસે દિવસે વૃક્ષો કપાવાથી પ્રાણીઓની ચિંતા વધવા લાગી.

વિદ્યાર્થીમિત્રો,

સ્વતંત્રલેખન કરતાં હોઈએ ત્યારે આવી રીતે શબ્દોનો ઉપયોગ કરીને વાક્યનો વિસ્તાર કરીને વાર્તાને રસપ્રદ બનાવવાની છે.

આ થઈ મુદ્દા પરથી વાર્તા વિશેની સમજ, પરંતુ નિબંધ લખવાનો હોય ત્યારે પણ તમારે તમારા વિચારોને અભિવ્યક્ત કરવાના છે, જેમાં તમને લખવાનું કોઈ જ બંધન હોતું નથી એટલે જ તેને 'નિબંધ' કહેવામાં આવે છે.

નિબંધના વિષય ગમે તે હોય, પરંતુ નિબંધ લખતા હોઈએ ત્યારે જે વિષય પર લખીએ છીએ એ વિષય કેન્દ્રમાં હોવો અનિવાર્ય છે.

આ ઉપરાંત અહેવાલલેખન પણ સ્વતંત્ર લેખનનો ભાગ છે. કોઈ પણ ઘટના કે પ્રસંગનું લેખિત વર્ણન કરવું એ અહેવાલ લેખન.

જેમ કે, તમારી શાળામાં યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમ, બાળમેળો કે પછી પ્રવાસનું વર્ણન જ્યારે તમે લખો છો ત્યારે એ અહેવાલલેખનનું ઉદાહરણ છે. કોઈ પણ પ્રસંગનું શરૂઆતથી અંત સુધીનું લેખિત વર્ણન એટલે 'અહેવાલલેખન'.

● **મહાવરો - 1** આપેલા પોસ્ટકાર્ડમાં તમારા મામાનું સરનામું લખો.




● **મહાવરો - 2** આપેલા મુદ્દા પરથી વાર્તા લખો.

બાજરાનું ખેતર - લાવરીનો માળો - લાવરીનું દિવસે ચણ લેવા જવું - ખેડૂતનું આવવું - કાલે મજૂર કરી બાજરો કપાવવાની વાત - બચ્ચાંએ સાંજે લાવરીને ખેડૂતવાળી વાત કરવી - લાવરીએ ચિંતા ન કરવી એવું કહ્યું - બીજા દિવસ ખેડૂતનું આવવું - મજૂર તો ન આવ્યા એટલે આવતીકાલે સગાંવહાલાંને બોલાવીને બાજરો કાપવાનું નક્કી કર્યું - ફરી બચ્ચાંએ લાવરીને ખેડૂતની વાત જણાવી - ફરી લાવરીએ ચિંતા ન કરવી એવું જણાવ્યું - ત્રીજા દિવસે ખેડૂતનું આવવું અને જાતે જ બાજરો કાપવાની વાત કરવી - લાવરી બચ્ચાંને લઈને બીજી જગ્યાએ ઊડી ગઈ.

● **મહાવરો - 3** તમારી પ્રાર્થનાસભાનો અહેવાલ લખો.

● **મહાવરો - 4** તમારી જાતે બે ઉખાણાં બનાવો અને જવાબ સાથે લખો.

● **મહાવરો - 5** તમારા ખિસ્સામાં એક મગફળી રહી ગઈ છે અને તમારી સાથે મગફળી આખો દિવસ ક્યાં ક્યાં ફરી હશે એ લખો.

● **મહાવરો - 6** તમારા શોખ વિશે લખો.

**અધ્યયન નિષ્પત્તિ**

G619 ઉચ્ચારણ, વિરામચિહ્નો, સંજ્ઞા, નામપદ, ક્રિયાપદ, વિશેષણ, જોડણી, રૂઢિપ્રયોગ, સમાનાર્થી, વિરુદ્ધાર્થી વગેરે જેવાં વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે.

G514 યોગ્ય વિરામચિહ્નો અને માન્ય જોડણી સાથે મરોડદાર લેખન કરી શકે છે.

● **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, આપણે બોલીએ છીએ ત્યારે આપણે એ ધ્યાન રાખતા નથી કે આમાં સંજ્ઞા કઈ છે, લિંગ કયું છે? વિશેષણ કયું છે કે પછી ક્રિયાપદ શું છે? પરંતુ તમે અગાઉનાં ધોરણમાં વ્યાવહારિક રીતે પ્રયોજાયેલું વ્યાકરણ શીખ્યા છો. પરંતુ અહીં આપણે વ્યાકરણના વિવિધ મુદ્દાઓની સમજ પાકી કરીએ. જેમ કે,

**સંજ્ઞા :**

- ગાંધીજીએ સત્યાગ્રહ કર્યો.
- વાઘ આપણું રાષ્ટ્રીય પ્રાણી છે.
- ગિરનાર ગુજરાતનો મોટો પર્વત છે.
- સત્યનો હંમેશાં વિજય થાય છે.

ઉપરનાં વાક્યોમાં ગાંધીજી, વાઘ, સત્ય વગેરે શબ્દો કોઈ ચોક્કસ વ્યક્તિ, સ્થળ કે પદાર્થની ઓળખ સૂચવે છે. આવી ઓળખ સૂચવતા શબ્દો 'સંજ્ઞા' તરીકે ઓળખાય છે.

**સર્વનામ :**

નીચેનો ફકરો વાંચો :

મૈત્રી ધોરણ - ૭માં ભણે છે. મૈત્રીને ભણવા ઉપરાંત ચિત્રમાં રુચિ છે. મૈત્રી છેલ્લાં બે વર્ષથી ચિત્રમાં અવ્વલ રહે છે. મૈત્રીનાં ઘણાં ચિત્રો વેચાયાં પણ છે. મૈત્રી ચિત્રો શીખે પણ છે અને શિખવાડે પણ છે. મૈત્રી ચિત્રમાં જ પોતાની કારકિર્દી બનાવવા માટે ગંભીર છે.

ઉપરના ફકરામાં મૈત્રી શબ્દ કેટલી વાર વપરાયો છે? એક જ શબ્દ વારંવાર આવે છે ત્યારે લખાણ લાંબું થતું જાય છે અને વાંચવામાં પણ કંટાળો આવે છે.

હવે, ઉપરનો ફકરો થોડા ફેરફાર સાથે નીચે દર્શાવ્યો છે તે વાંચો :

મૈત્રી ધોરણ-૭માં ભણે છે. તેને ભણવા ઉપરાંત ચિત્રમાં રુચિ છે. તે છેલ્લાં બે વર્ષથી ચિત્રમાં અવ્વલ રહે છે. તેનાં ઘણાં ચિત્રો વેચાયાં પણ છે. તે ચિત્રો શીખે પણ છે અને શિખવાડે પણ છે. તે ચિત્રમાં જ પોતાની કારકિર્દી બનાવવા માટે ગંભીર છે.

આ રીતે 'નામના બદલે જે શબ્દ વપરાય છે તેને સર્વનામ કહેવાય છે.' બીજા ફકરામાં વપરાયેલાં તેને, તે, તેનાં વગેરે શબ્દો સર્વનામ છે.

તમે વિશેષણ વિશે આગળનાં ધોરણમાં શીખી જ ગયા છો. તમને ખબર જ છે કે જે નામના અર્થમાં વધારો કરે એને આપણે 'વિશેષણ' કહીએ છીએ.

જેમ કે...

સુંદર બાગ

મોટું રણ

લાલ બસ

આવું સાંભળ્યું જ હશે ને? અહીં સુંદર, મોટું અને લાલ એ વિશેષતા દર્શાવે છે એટલે આપણે તેને 'વિશેષણ' કહીએ છીએ.

આવી જ રીતે શબ્દોના પદ ગોઠવી બનેલા વાક્યમાં પણ વિશેષ કાળજી લેવી પડે. જ્યારે આપણે વાક્ય લખીએ છીએ ત્યારે એમાં જે શબ્દો હોય એ શબ્દો દ્વારા જે કહેવામાં આવે છે તેમાં પણ શબ્દો શબ્દો વચ્ચેનું અંતર અને અટક સ્થાન ખૂબ જ જરૂરી છે. નહીં તો અર્થનો અનર્થ થઈ જાય.

જેમ કે,

અહીં કચરો ફેંકવો નહીં, ફેંકનારને દંડ થશે.

ઉપરના વાક્યમાં નહીં પછી અલ્પવિરામ મૂકવામાં આવ્યું છે જેથી આ વાક્યનો અર્થ એવો થાય છે કે જો કચરો યોગ્ય જગ્યાએ નહીં ફેંકો તો દંડ થશે અને કચરો અહીં ફેંકવો નહીં એવું કહેવા માંગે છે, પરંતુ જો વિરામચિહ્નનું સ્થાન બદલાય તો આ જ વાક્યનો અર્થ બદલાઈ જાય છે જેમ કે,

અહીં કચરો ફેંકવો, નહીં ફેંકનારને દંડ થશે.

જુઓ, પહેલા વાક્યમાં 'નહીં' પછી અલ્પવિરામ મૂકવામાં આવ્યું હતું અને બીજા વાક્યમાં 'ફેંકવો' પછી અલ્પવિરામ મૂકવામાં આવ્યું છે. અલ્પવિરામનું સ્થાન બદલવાથી વાક્યનો અર્થ બદલાઈ જાય છે. લખતી વખતે શબ્દ શબ્દ, અક્ષર - અક્ષર અને વિરામચિહ્નોની પણ એટલી જ કાળજી રાખવી પડે છે.

### વિરામચિહ્નો :

ભાષાલેખનમાં વિરામચિહ્નોનું ઘણું મહત્ત્વ છે. ખાસ કરીને અર્થ કે ભાવ અનુસાર ભાષાને સચોટ બનાવવા વિરામચિહ્નો આવશ્યક છે. કેટલાંક ઉપયોગી વિરામચિહ્નોનો પરિચય કેળવીએ.

**1. પૂર્ણવિરામ : (.)**

- કાશી નગરીમાં એક મોચી રહેતો હતો.
- લિ. (લિખિતંગ), ચિ. (ચિરંજીવ)

પૂર્ણવિરામનો ઉપયોગ વાક્ય પૂર્ણ થતું દર્શાવવા થાય છે. શબ્દોને ટૂંકમાં લખવાના થાય ત્યારે પણ પૂર્ણવિરામનો ઉપયોગ થાય છે.

**2. અલ્પવિરામ : (,)**

- ગાંધીજી, સરદાર પટેલ, ભગતસિંહ મહાન વિભૂતિ હતા.
- ચિન્ટુ, ટીના, પરી બાગમાં ગયાં.

અલ્પવિરામનો ઉપયોગ સંબોધન કરવા, બેથી વધારે પદો કે શબ્દસમૂહો પછી તથા દીર્ઘ વાક્યોમાં વચ્ચે અટકવાની જરૂર પડે ત્યારે થાય છે.

**3. પ્રશ્નચિહ્ન : (?)**

- તમે કઈ શાળામાં શિક્ષક છો?
- આપણે મફતમાં કંઈ લેવાય?

વાક્યમાં પ્રશ્નનો ભાવ દર્શાવવા માટે વાક્યના અંતે પ્રશ્નચિહ્ન મૂકવામાં આવે છે. જેથી વાચક-ભાવક તે પ્રશ્નવાક્ય છે એમ સમજી શકશે. 'ક્યાં', 'કેમ', 'કેવું', 'શા માટે', 'કઈ', 'કોણ', 'કોનું' વગેરે શબ્દો પ્રશ્નનો ભાવ દર્શાવે છે.

**4. ઉદ્ગારચિહ્ન : (!)**

- વાહ! આજે તો ગુલાબજાંબુ!
- બિચારાં ઘણાં સારાં હતાં !

આશ્ચર્ય, પીડા, ધિક્કાર, હર્ષ, પ્રશંસા કે દુ:ખની લાગણી બતાવવા વાક્યમાં ઉદ્‌ગાર ચિહ્ન વપરાય છે. ક્યારેક કટાક્ષ કરવામાં પણ ઉદ્‌ગારચિહ્ન વપરાય છે. જેમ કે,

- **મહાવરો - 1** કૌંસમાંથી યોગ્ય અક્ષર પસંદ કરી ખાલી જગ્યા પૂરો.

| | |
|---|---|
| સંદે...(સ, શ) | અ...ષ (શે, સે) |
| .... રણાઈ (શ, સ) | આ .... (સા, શા) |
| નુક....ન (સા, શા) | આદે....(શ, સ) |
| ....રો (સી, શી) | આં... (શુ, સું) |

- **મહાવરો - 2** નીચેના ફકરામાંથી સંજ્ઞા પર ◯ અને સર્વનામ પર ▭ કરો.

સાબરમતી અમદાવાદ શહેરની મધ્યમાંથી પસાર થાય છે. તે ખૂબ જ વિશાળ નદી છે. તેમાં ચોખ્ખું પાણી રહે છે. તેના કિનારે ગાય-ભેંસ ચરી રહ્યાં છે. તેના પ્રવાહમાં સઢવાળી અને સાદી હોડીઓ તરી રહી છે. આ નદીનું ખૂબ જ મહત્ત્વ છે.

- **મહાવરો - 3** નીચેના ફકરામાં સર્વનામ મૂકી ફકરો ફરીથી લખો.

ગુજરાત ભારત દેશનું રાજ્ય છે. ગુજરાતની વસ્તી છ કરોડ છે. ગુજરાત પાસે લાંબો દરિયાકિનારો છે. ગુજરાતમાં ઘણાં યાત્રાધામ આવેલાં છે. ગુજરાતમાં ગુજરાતી સિવાયના લોકો પણ રહે છે. ગુજરાતનું પાટનગર ગાંધીનગર છે.

**અધ્યયન નિષ્પત્તિ**

G617 બિલ, રીસિપ્ટ, રેપર, રિપોર્ટ, જાહેરાત વગેરેમાં આપેલી માહિતી સમજે છે અને ઉપયોગ કરે છે.

- **સમજ :**

વિદ્યાર્થીમિત્રો, આપણે બજારમાં ખરીદી કરવા જઈએ છીએ. ઘણીવાર સમાચારપત્રોમાં આવતી જાહેરાતો જોઈને પણ જતા હોઈએ છીએ. જ્યારે આપણે કોઈ વસ્તુ ખરીદીએ છીએ ત્યારે આપણને એ વસ્તુનું બિલ મળે છે. ઘણીવાર આપણે એ બિલ મુજબ આપણી વસ્તુને સરખાવીને લઈએ છીએ. આપણે મોટા ભાગે વસ્તુ અને રકમ જોઈને બિલ મૂકી દેતા હોઈએ છીએ. ક્યારેક આખું સંપૂર્ણ બિલ વાંચ્યું કે પછી સમજ્યા છીએ ખરા?

બિલમાં વસ્તુની કિંમત સિવાય બીજી કઈ કઈ વિગતો આપવામાં આવી છે? આપણે એ વિગતો કાળજીપૂર્વક વાંચવી જોઈએ. બિલ શાનું છે? કઈ કઈ વસ્તુનું છે? દુકાનદારની શી શરતો છે? વગેરે વિગતો પણ જાણવી ખૂબ જ જરૂરી હોય છે.

આવી જ રીતે આપણે કોઈ જાહેરાત જોઈએ છીએ ત્યારે જાહેરાતની વિગતો વાંચીને આપણે જાહેરાત શાની છે? જાહેરાત દ્વારા શું જાહેર કરવામાં આવેલ છે ? વગેરે જેવી વિગતો સમજવા આપણે જાહેરાતનું સમજણપૂર્વક વાચન કરવું પડે.

જેમ આપણે કોઈ ફકરાને વાંચીને પ્રશ્નોના જવાબ આપીએ છીએ એવી જ રીતે સમજણપૂર્વક આ જાહેરાત, બિલ, રેપર્સ, રિસીપ્ટ કે રિપોર્ટને પણ સમજી શકીએ.

ચાલો, એક ઉદાહરણ જોઈએ...

**સરસ સાઈકલ સ્ટોર**

દરેક પ્રકારની સાઇકલ રિપેર કરી આપવામાં આવશે.

નવી સાઇકલ પર ચાર સર્વિસ તદ્દન મફત કરી આપવામાં આવશે.

સર્વિસ ચાર્જ

૧૫૦ રૂપિયા

- જૂની સાઇકલ આપીને હપ્તેથી નવી સાઇકલ વસાવો અને મેળવો આકર્ષક ઇનામ

ખાસ નોંધ : સર્વિસમાં મૂકેલી સાઇકલ બે દિવસમાં લઈ જવી નહીં તો અમારી કોઈ જ જવાબદારી રહેશે નહીં.

દર શનિવારે સાઇકલ સર્વિસ પર 50%ની રાહત આપવામાં આવશે.

**● સર્વિસ સ્થાન ●**

૧૦-અક્ષત કૉમ્પ્લેક્સ,

જૂની સાઇકલ ગલી, નરોડા,

અમદાવાદ

અહીં એક જાહેરાત આપવામાં આવી છે એને બરાબર વાંચો, સમજો અને પછી આપણે જ્યારે એના પ્રશ્નોના જવાબ આપવાના થાય ત્યારે આપણે આપેલી જાહેરાતના આધારે વિગતો તારવીને જવાબ આપીએ ત્યારે એ વિગતને બરાબર સમજીને જવાબ આપવા.

જેમ કે...

1. તમારે તમારી સાઇકલની સર્વિસ ૭૫ રૂપિયામાં કરાવવી હોય તો તમે શું કરશો?

જુઓ... અહીં આ પ્રશ્ન હોય તો તમે ઉપરોક્ત જાહેરાતની કઈ વિગતને આધારે જવાબ આપશો?

જો તમારે આ પ્રશ્નનો જવાબ આપવો હોય તો ખાસ નોંધમાં લખેલું છે જો શનિવારે સર્વિસ કરાવશો તો 150ની જગ્યાએ 75 રૂપિયા ચૂકવવા પડે કારણ કે 150ના 50% એટલે 75 રૂપિયા થાય.

એટલે ઉપરોક્ત પ્રશ્નનો જવાબ આપવાનો થાય ત્યારે તમે એવો જવાબ લખશો કે હું 75 રૂપિયામાં સર્વિસ કરાવવા માટે શનિવારે જઈશ.

આવી રીતે... બીજો પ્રશ્ન

2. તમને ઇનામ ક્યારે મળશે?

● આ પ્રશ્નનો જવાબ આપવાનો હોય તો પછી તમારે જાહેરાત વાંચીને સમજવી પડે અને વિગતો તારવવી પડે. જાહેરાતમાં 'જૂની સાઈકલ આપીને હપ્તેથી નવી સાઈકલ વસાવો અને મેળવો આકર્ષક ઇનામ' - આ વિગતને વાંચીને તમે ઉપરના પ્રશ્નો જવાબ આપશો કે જો મારે ઇનામ લેવું હોય તો નવી સાઈકલ ખરીદવી પડે.

આવી જ રીતે બિલ, રિસીપ્ટ કે રેપર્સની વિગતો સમજીને, તારવીને પ્રશ્નોના જવાબ આપવા.

● **મહાવરો - 1** આપેલા બિલની વિગતોને આધારે પ્રશ્નોના જવાબ આપો.

| | | | |
|---|---|---|---|
| **બચ્ચાં રમકડાં સ્ટોર**<br>ડી-303 પહેલો માળ, રમકડાં બજાર, માલપુર - અરવલ્લી | | | |
| નામ - રમાબહેન મૅકવાન<br>ગામ - ગણેશપુરા - તા. દહેગામ | | બિલ નંબર<br>1003<br>તારીખ<br>16/6/2022 | |
| **ક્રમ** | **ભાવ** | **નંગ** | **રકમ** |
| રિમોટવાળી મોટરકાર | 150 | 2 | 300 |
| હેલિકોપ્ટર | 370 | 1 | 370 |
| કૅરમ | 850 | 1 | 850 |
| બૅટરીવાળી જીપ | 250 | 2 | 500 |
| | | 6 | 2020 |
| નોંધ - વેચેલો માલ પાછો લેવામાં આવશે નહીં.<br>● અમારે ત્યાં કોઈપણ બૅન્કના કાર્ડથી પેમેન્ટ સ્વીકારવામાં આવશે.<br>● ઓનલાઈન પેમેન્ટ કરનારને મૂળ કિંમતના 10% વળતર મળશે. | | | |

**પ્રશ્નો -**

1. રમાબહેને બૅટરીવાળી એક જીપ ખરીદી તો કેટલા રૂપિયા ચૂકવ્યા હશે?
2. રમાબહેને બૅટરીવાળી જીપ ૨૨૫માં કેમ ખરીદી હશે?
3. રમાબહેને તમામ પૈસા કાર્ડથી ઓનલાઈન ચૂકવ્યા તો કેટલા ચૂકવ્યા હશે?

● **મહાવરો - 2** આપેલી જાહેરાતને આધારે પ્રશ્નોના જવાબ આપો.



ઑફર...... ઑફર.....ઑફર

**ઉડાન મોબાઈલ શોપ**



ધમાકા ઑફર

- કોઈ પણ જૂનો મોબાઇલ આપીને ઓછામાં ઓછા 2 હજાર મેળવો.
- કોઈ પણ નવા મોબાઇલની સાથે 4 GBની પેનડ્રાઇવ નિઃશુલ્ક મેળવો.
- આ ઑફર ફક્ત પખવાડિયા સુધી ચાલશે.
